GJVD040009002026

**CRMA J/77/2026**

આરોપીની જામીન અરજી તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટ કલમ–૧૮૫ , ૩, ૧૮૧, ૧૭૭ તથા પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનો આરોપ છે. આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં દાખલ થયેલ ચાર્જશીટ આધારે ક્રિમીનલ કેસ નં.૨૩૧/૨૦૨૬ દાખલ કરવામાં આવેલ છે. આરોપીના સદર કેસનું રોજકામ વંચાણે લેતાં આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં આરોપી મુદત તારીખે અદાલતમાં હાજર રહેતા ના હોય કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી શકાયેલ નથી. આરોપીને ધરપકડ વોરંટ ઈશ્યુ કરતા તે ધરપકડ વોરંટ આધારે હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાઓ જામીન લાયક ગુનાઓ હોય, આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈઓ તેમજ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તેમજ જામીન અરજી નિર્ણીત કરવા માટેના નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતોને મધ્યે નજરે રાખતા તેમજ આરોપીના સપેશ્યલ સંજોગો અંગેની રજુઆતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય રકમના જામીન રજુ કર્યેથી જામીન મુકત કરવા ન્યાયોચ્ચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

– ફોજદારી કેસ નં.૨૩૧/૨૬ ના કામે આરોપીને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી જામીન મુકત કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ પાંચમી, માહે માચ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ. ૦૫.૦૩.૨૦૨૬**
**સ્થળ: પાદરા.**

**(હાર્દિક પ્રફુલચંદ્ર રાવલ)**
**ત્રીજા એડી. સીની. સીવીલ જજ એન્ડ**
**એડી.ચીફ જયુડી. મેજી.પાદરા.**
**કોડ નં. જી.જે.૦૧૨૨૦**